ગરીબ કલ્યાણ મેળામાં પ્રેશર કુકરના વિતરણમાં પુરવઠા તંત્રની કામગીરી બાબત.

ક્રો.ફાઈલ.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: સશપ/૧૦૨૦૧૫/૪૯૫૮૫૩/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૧૨/૨૦૧૮

## વંચાણે લીધા :

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૧૧/૦૯/૧૮નો ઠરાવ ક્રમાંક: TAP/૧૦૨૦૧૧/૪૫૦૦૦૭/ખ

## પ રિ પ ત્ર :

ઉદ્યોગ અને ખાણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના ઠરાવથી રાજ્યના ગરીબ અને નબળા વર્ગના લોકોને સ્વરોજગારી પૂરી પાડવા સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવાની જુદાજુદા વિભાગોની વિવિધ યોજનાઓ અંતર્ગત કુલ ૨૮ વ્યવસાયો માટે અંદાજિત કિંમત મુજબ કિટ/સાધન આપવાનું ઠરાવેલ છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ટૂંક સમયમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાઓમાં ઉજ્જ્વલા ગેસ કનેક્શનના અંદાજે ૨,૩૬,૨૬૩ લાભાર્થીઓને પ્રેશર કુકર આપવાનું પણ નક્કી થયું છે. ઉજ્જ્વલા ગેસ કનેક્શનના લાભાર્થીઓને પ્રેશર કુકર આપવા માટે લાભાર્થીઓની ઓળખ, પસંદગી કરવાની અને વિતરણની કામગીરી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ હેઠળના જિલ્લા પુરવઠા અધિકારીઓ દ્વારા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. પરંતુ મેળા જિલ્લા કક્ષાએ યોજાવાના છે અને ઘણી જગ્યાએ પ્રેશર કુકર તાલુકા કક્ષાએ પહોંચાડી દેવામાં આવ્યા હોવાથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓએ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના

વિભાગ દ્વારા વિતરણ કરવામાં આવનારા પ્રેશર કુકર વિતરણના સ્થળે પહોંચે તે માટે જિલ્લા પુરવઠા તંત્રને તમામ માહિતી આપી દેવાની રહેશે જેથી પુરવઠા તંત્ર તેનું વિતરણ કરી શકશે.

આ પરિપત્ર સક્ષમ સત્તાધિકારીની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. જી. વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી,
  અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ,
  સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી,
  વિકસતિ જાતિ કલ્યાણ ખાતું/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું,
  ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

<u>નકલ રવાના:</u>

- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.અ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી(વિ.જા.ક.) /નિયામકશ્રી(અ.જા.ક.) મારફતે)
- સે.અ.શ્રી(ગ શાખા), સા.ન્યા.અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સે.અ.શ્રી(કો.સેલ), સા.ન્યા.અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ/ શાખા સિલેકટ ફાઇલ